JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સ્માર્ટ બનો, સુરક્ષિત રહો, ડી-લિંક સીસીટીવી વાપરો.
Indigenous SERIES
MADE IN INDIA
Laxminarayan SysTech Private Limited
Surat : Vesu 9510971049 | Nanpura 9510971051

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ અષાઢ સુદ દશમ મંગળવાર ૧૬ જુલાઈ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૦૭ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ

સુરતના ઉમરપાડામાં આભ ફાટ્યું: 4 કલાકમાં 14 ઈંચ વરસાદ

ઉમરપાડાના વડપાડાથી હળદરી રસ્તા ઉપર પાણી ફરી વળ્યા

● સુરત જિલ્લાના ઉમરપાડામાં 4 કલાકમાં જ 14 ઇંચ સાંબેલાધાર વરસાદ પડતાં નદીઓ ગાંડીતુર બની હતી. વડપાડાથી હળદરી રસ્તા ઉપર પાણી ફરી વળતાં જનજીવન ખોરંભે ચઢ્યું હતું. તો રસ્તા તૂટી જતાં ઠેર ઠેર વિનાશનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. (તસવીર: વિનોદ મૈસુરીયા)

ભરૂચના નેત્રંગ અને નર્મદા જિલ્લામાં અનરાધાર વરસાદ

બંગાળના અખાત પરથી સરકીને ગુજરાત તરફ આવેલી લો પ્રેશર સિસ્ટમની અસર હેઠળ દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું

ગાંધીનગર: ચોમાસાની મોસમમાં પહેલી વખત બંગાળના અખાત પરથી સરકીને ગુજરાત પર લો પ્રેશર સિસ્ટમ આવી પહોંચી છે, જેના પગલે આજે દક્ષિણ ગુજરાતમાં આભ ફાટયું હોય તેમ ઉમરપાડામાં 4 જ કલાકમાં 14 ઈંચ કરતાં વધુ વરસાદ થયો હતો. જયારે આગામી 48 કલાક માટે આ જ લો પ્રેશર સિસ્ટમની અસર હેઠળ ગુજરાતમાં છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ , સુરત, નવસારી, વલસાડ અને દમણ - દાદરા નગર હવેલી , જુનાગઢ , અમરેલી, ભાવનગર , ગીર સોમનાથ અને દીવમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જયારે રાજયના અન્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે.

લો પ્રેશરની અસર હેઠળ આગામી તા.20મી જુલાઈ સુધીમાં ભારે વરાસદની આગાહી કરાઈ છે. બીજી તરફ રાજય સરકારે દક્ષિણ ગુજરાતમાં જરૂર પડયે એનડીઆરએફની ટીમોને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. જરૂર પડયે બચાવ રાહત કામગીરી શરૂ કરી શકાય.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજયમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં રાજયમાં સરેરાશ 158 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ થયો છે. જેમાં ફમરપાડામાં 14 ઈંચ , નેત્રંગમાં 7.5 ઈંચ , ગરૂડેષ્વરમાં 6 ઈંચ , નાંદોદમાં 5.2 ઈંચ , તિલકવાડામાં 3.5 ઈંચ, ગોધરામાં 3 ઈંચ , વડોદકરાના શીનોરમાં 2.6 ઈંચ , આણંદમાં 2.5 ઈંચ , રાધનપુરમાં 2.2 ઈંચ , હિમ્મતનગરમાં 2 ઈંચ , સાબરકાંઠાના વિજયનગરમાં 2 ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે એકંદરે રાજયમાં 39 તાલુકાઓ એવા છે કે જયાં 1થી 14 ઈંચ જેટલો વરસાદ થયો છે.

દક્ષિણ ગુજરાત માટે 48 કલાક ભારે

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિતના કેટલાંક જિલ્લાઓ માટે આાગમી 48 કલાક માટેનું રેડ એલર્ટ જારી કર્યુ છે, જેના પગલે આગામી 48 કલાક ભારે પુરવાર થઈ શકે છે. ચોમાસાની મોસમમાં પહેલી વખત બંગાળના અખાત પરથી મજબૂત લો પ્રેશર સિસ્ટમ ગુજરાત તરફ આવી ચૂકી છે. આજે દક્ષિણ ગુજરાતમાં થયેલો ભારે વરસાદ તેની અસર હેઠળ થયો છે. આ સિવાય ગુજરાતના તમામ જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં આગામી સાત દિવસ વિવિધ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થશે. હવામાન વિભાગ ...અનુસંધાન પાના 15 પર

છગન ભુજબળની શરદ પવાર સાથે મુલાકાત પર અટકળો શરૂ થઈ

મુંબઈ, તા. 15: મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ ઝડપી બની છે. એકનાથ શિંદે સરકારના મંત્રી છગન ભુજબલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. ઉપમુખ્યમંત્રી અજીત પવારના નેતૃત્વવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે સંબંધ રાખનાર ભુજબલ શરદ પવારના મુબઇ સ્થિત નિવાસ સ્થાન પહોંચ્યા હતા. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે મરાઠા-ઓબીસી અનામત અંગે વાત કરવા તેઓ અહીં આવ્યા હતા. જો કે રાજકીય વર્તુળમાં ચર્ચા છે કે પડદા પાછળ કોઈ મોટી રાજકીય વાર્તા લખવામાં આવી રહી છે. ભુજબલે કહ્યું હતું, 'શરદ પવાર રાજ્યના વરિષ્ઠ નેતા છે. તેમને ખબર છે કે ગામોમાં વિવિધ સમુદાયોના લોકો કેવી રીતે રહે છે. જો મરાઠા અનામતન લઈને તમામ પક્ષોના નેતાઓ એકસાથે આવે તો તેને અટકાવી શકાય છે. મેં તેમને મરાઠા-ઓબીસી વિવાદમાં મધ્યસ્થા કરવા કહ્યું છે. આમ નહીં થશે તો ...અનુસંધાન પાના 15 પર

રાજ્યસભામાં ભાજપના સભ્યો 90થી ઓછા થયા, પેટા-ચૂંટણી બાદ સ્થિતિ સુધરવાની અપેક્ષા

રાજ્યસભામાં વર્તમાન સંખ્યાબળ 226 છે જેમાં ભાજપના 86, કોંગ્રેસના 26 અને TMCના 13 સભ્યો છે

નવી દિલ્હી, તા. 15 (PTI): રાજ્યસભામાં ભાજપની સંખ્યા ઘણા વર્ષોમાં પ્રથમ વખત 90થી નીચે આવી ગઈ છે, પણ આગામી સમયમાં હાલની ખાલી જગ્યાઓ ભરવા માટેની પેટાચૂંટણીઓ યોજાશે ત્યારે પક્ષ અને તેના સાથી પક્ષો તેમના નુકસાનની ભરપાઈ કરશે એટલું જ નહીં પરંતુ તેમને થોડો ફાયદો પણ થશે એવી અપેક્ષા છે.

જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સને (એનડીએ) બિહાર, મહારાષ્ટ્ર અને આસામમાં બે-બે બેઠકો અને હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ત્રિપુરામાં એક-એક બેઠક જીતવાનો વિશ્વાસ છે કારણ કે સંખ્યાત્મક દ્રષ્ટીએ તેઓ વિરોધ પક્ષ કરતા વધુ છે, ત્યારે ચાર નવા નામાંકિત સભ્યો પણ સત્તા પક્ષ તરફી હોવાની અપેક્ષા રાખવામાં આવે છે જેમને સરકાર નામાંકિત કરશે. નામાંકિત સભ્યો સામાન્ય રીતે તેમના પક્ષના જોડાણની દ્રષ્ટિએ ગૃહમાં સ્વતંત્ર હોય છે, તેમ છતાં તેઓ પરંપરાગત રીતે સરકારના એજન્ડાને ટેકો આપે છે જેણે તેમને નામાંકિત કર્યા હતા. રાજ્યસભામાં વર્તમાન સંખ્યાબળ 226 છે જેમાં ભાજપ પાસે 86, કોંગ્રેસના 26 અને તૃણમૂલ કોંગ્રેસના (ટીએમસી)ના 13 સભ્યો છે. હાલમાં 19 જગ્યાઓ ખાલી છે. કોંગ્રેસ બીઆરએસના ભોગે તેલંગાણામાં એકમાત્ર બેઠક જીતવા માંગે છે પણ રાજસ્થાનમાં તેનો ફાયદો રદ થઈ જશે જ્યાં મજબૂત બહુમતી ધરાવતો ભાજપ, કે સી વેણુગોપાલ દ્વારા ખાલી કરાયેલી બેઠક પર કબજો કરશે. ભાજપને હરિયાણામાં એક માત્ર બેઠક જીતવાનો પણ વિશ્વાસ છે જ્યાં તેના રાજ્યસભા સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડા લોકસભાની ચૂંટણીમાં વિજયી થતા જગ્યા ખાલી થઈ હતી.

દિલ્હી ડાયરી

ખડગેએ સિદ્ધારમૈયાના જ્ઞાનની ઊંડાઈનું મૂલ્યાંકન કર્યું

લોકસભા ચૂંટણીના સાતમા તબક્કાના સમાપન પછી યોજાયેલી કોંગ્રેસના નેતાઓ અને ઉમેદવારોની વર્ચ્યુઅલ મીટિંગમાં પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાને લોકસભા ચૂંટણીના પરિણામોમાં રાજ્ય પાસેથી તેમની અપેક્ષાઓ વિશે પૂછ્યું. ચાલાક સિદ્ધારમૈયાએ કહ્યું કે, તેઓ માને છે કે કોંગ્રેસ રાજ્યમાં કુલ 28માંથી 15થી 20 બેઠકો જીતશે. બદલામાં ખડગેએ પછી તેમને રાજ્યની વિવિધ ગુપ્તચર એજન્સીઓના ઇનપુટ્સ વિશે પૂછ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યની ગુપ્તચર એજન્સીઓએ રાજ્યની 28 બેઠકોમાંથી 12થી વધુ બેઠકો જીતવાનો અંદાજ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, તેમનો પોતાનો અંદાજ વિવિધ સ્તરે ઉમેદવારો અને પક્ષના ...અનુસંધાન પાના 15 પર

તા. ૧૫-૦૭-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૧.૦૦ મીમી	મોસમનો ૯૦૫.૦૦ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૧૦.૩૫ ફૂટ	આઉટફ્લો ૯૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૨.૪૦ સે.	લઘુત્તમ ૨૭.૦૦ સે. / ભેજ ૭૭%

નાણાં બિલ તરીકે કાયદાને પસાર કરવા સામેની અરજીઓ પર સુનાવણી માટે બેન્ચની રચના કરવા સુપ્રીમ વિચાર કરશે

કોંગ્રેસ સહિત વિરોધ પક્ષનો આક્ષેપ રાજ્યસભામાં રજૂ કર્યા વગર ખરડા પસાર કરાવવા તેમને નાણાં બિલ તરીકે રજૂ કરાયા

નવી દિલ્હી, તા. 15 (PTI): મોદી સરકાર દ્વારા રાજ્યસભામાં રજૂ કર્યા વગર 'આધાર એક્ટ' જેવા કાયદાને નાણાં બિલ તરીકે પસાર કરવાની માન્યતાને પડકારતી અરજીઓ સાંભળવા માટે બંધારણીય બેંચની રચના કરવા પર વિચારણા કરવા માટે સર્વોચ્ચ અદાલત સોમવારે સંમત થઈ હતી. 245 સભ્યોની રાજ્યસભામાં ભાજપ લઘુમતીમાં છે તેની પાસે હાલમાં 86 અને શાસક એનડીએના 101 સાંસદો છે જ્યાં બહુમતીનો આંકડો 123 છે.

આધાર અધિનિયમ જેવા ખરડાઓ અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટમાં (પીએમએલએ) સુધારા પણ નાણાં બિલ તરીકે પસાર કરવામાં આવ્યા હતા, દેખીતી રીતે તે સમયે રાજ્યસભામાં એનડીએ પાસે બહુમતી ન હતી. આ રીતે ખરડાઓને પસાર કરવા પર મોટો રાજકીય અને કાયદાકીય વિવાદ ઉભો થયો હતો.

વરિષ્ઠ વકીલ કપિલ સિબલે સોમવારે ભારતના ચીફ જસ્ટિસ (સીજેઆઈ) ડી વાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચને જણાવ્યું હતું કે દલીલો પૂર્ણ થઈ ગઈ છે અને અરજીઓને સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાની જરૂર છે.

સીજેઆઈએ તેમને કહ્યું, 'જ્યારે હું બંધારણીય બેન્ચની રચના કરીશ ત્યારે હું નિર્ણય લઈશ.'

કોંગ્રેસે સર્વોચ્ચ અદાલતના નિર્ણયનું સ્વાગત કર્યું હતું.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે તે નાણાં બિલ તરીકે આધાર અધિનિયમ જેવા કાયદા પસાર કરવાની માન્યતાના મુદ્દા પર વિચારણા કરવા માટે સાત જજોની બેંચની રચના કરશે.

નાણાં બિલ એ ખરડો છે જે ફક્ત લોકસભામાં જ રજૂ કરાય છે અને રાજ્યસભા તેમાં સુધારો કે અસ્વીકાર કરી શકતી નથી. ઉપલો ગૃહ ફક્ત ભલામણો કરી શકે છે જે લોકસભા દ્વારા સ્વીકારવામાં આવી શકે છે અથવા નહીં પણ.

200થી વધુ ભૂતપૂર્વ સાંસદોને દિલ્હીમાં સત્તાવાર બંગલા ખાલી કરી દેવાની નોટિસ

જો સત્તાવાર આવાસ ખાલી નહીં કરે તો અધિકારીઓની ટીમોને બળપૂર્વક તેઓને બહાર કાઢવા માટે મોકલવામાં આવશે: સૂત્રો

નવી દિલ્હી, તા. 15 (PTI). કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનાં સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું કે, 200થી વધુ ભૂતપૂર્વ લોકસભા સાંસદો, જેમણે હજુ સુધી લ્યુટિયન્સ દિલ્હીમાં તેમના સત્તાવાર બંગલા ખાલી કર્યા નથી, તેમને ખાલી કરવાની નોટિસ આપવામાં આવી છે.

આ નોટિસ જાહેર જગ્યા (અનધિકૃત કબજેદારો પાસેથી ખાલી કરાવવું) અધિનિયમ હેઠળ જારી કરવામાં આવી છે. નિયમો અનુસાર, ભૂતપૂર્વ સાંસદોએ અગાઉની લોકસભાના વિસર્જનના એક મહિનાની અંદર તેમના સત્તાવાર બંગલા ખાલી કરી દેવાના હોય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં 200થી વધુ ભૂતપૂર્વ સાંસદોને ઓવરસ્ટેઈંગ માટે ખાલી કરવાની નોટિસ જારી કરવામાં આવી છે. તેઓને વહેલીમાં વહેલી તકે તેમના સત્તાવાર બંગલા ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે. અન્ય ભૂતપૂર્વ સાંસદોને નોટિસ મોકલવાની પ્રક્રિયા ચાલી રહી છે." સૂત્રોએ જણાવ્યું હતું કે, જો તેઓ ...અનુસંધાન પાના 15 પર

સુરતમાં ૨૪ વર્ષથી
ટેબ®
ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
નિષ્ણાતની સલાહ અને તુરંત એપોઈમેન્ટ માટે સંપર્ક કરો.
મો.નં. : ૯૦૧૬૩૭૪૨૩૨ ,ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ / ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ,બહુમાળીની સામે, જુના નાવડી ઓવારા નજીક, નાનપુરા, સુરત - ૩૯૫ ૦૦૧ (લીફટ અને વ્હીલચેર ની સેવા ઉપલબ્ધ છે)
દરેક રવિવારે પણ ચાલુ રહેશે. કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
"હાડકા, સાંધા અને સ્નાયુઓના કોઈ પણ પ્રકારના હઠીલા દર્દો ,સોજા કે જકડન જેમ કે ઘુંટણના ઘસારા, મણકાની નસ દબાવી કે ગાદી દબાવી કે પગના તળીયા માં અગન બળવી કે ઝણઝણાટી થવી વગેરે તકલીફોથી સંપુર્ણ સાજા થવા માટે ટેબની ૧૦૦% શુધ્ધ આયુર્વેદિક સારવારથી વધુ સારી સારવાર કઈ હોઈ શકે જેનું અમારાથી વધુ સારૂ પ્રમાણ કોણ આપી શકશે ?"

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ મંજુલાબેન વસાવા
ઉંમર- ૬૪ વર્ષ, વ્યવસાય - ગૃહિણી , સરનામું - ગામ-ઉમલ્લા, મુ.પો. ડભાલ, તા. વાડીયા, જી. ભરૂચ પીનકોડ ૩૯૩૧૨૦
"છેલ્લા દોઢ-બે વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબ જ દુઃખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. થોડું પણ ચાલી શકતી ન હતી કે સીડી ચડી-ઉતરી શકતી ન હતી. આ બધી તકલીફોના કારણે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ત્યાંની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો ઓછી થવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું, ઉભડક પગે તેમજ પલાંઠી વાળીને પણ બેસી શકુ છું. ચાલવા તથા ઊભા હરીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ ક્લિનીકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."
દર્દી ની સહી

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રી દિનેશભાઈ પંડયા
ઉંમર - ૬૨ વર્ષ, વ્યવસાય - ખેડુત, સરનામું- ઘર નં-૧૬, ગામ-સોંદામીઠા, પોસ્ટ-ટકારમાં, તા.ઓલપાડ,જીલ્લો- સુરત. પીનકોડ ૩૯૪૫૪૦.
"મારા બંને ઘુંટણોમાં ભયંકર ઘસારાને લીધે મને સખત પીડા થતી હતી, ખુબ સોજા રહેતા હતા, ચાલતાં ઘુંટણમાંથી કટ્-કટ્ અવાજ આવતો હતો. પગ વાળી શકાતા ન હતા, થોડું પણ ચાલતાં દુઃખાવો ખુબ વધી જતો હતો, દાદર ચડતાં-ઉતરતાં દુઃખાવો અસહ્ય થઈ જતો હતો. એવા સમયે મેં છાપામાં ટેબ ક્લિનીકસની જાહેરાત વાંચી. પરિવાર સાથે ચર્ચા કરીને મુલાકાતનો સમય નિશ્ચિત કર્યો. ટેબના ડોકટરે મારી સંપૂર્ણ સંબંધિત તપાસ કરીને સચોટ નિદાન કર્યું. મેં ઉપચાર ચાલુ કર્યો અને નિયત મુદતમાં ફર્ક અનુભવ્યો. નિયમિત અને વ્યવસ્થિત ઉપચાર કરીને કોઈ પણ શસ્ત્રક્રિયા કે હાનિકારક, વેદનાશામક દવાઓના ઉપયોગ વગર મારી ઘુંટણ સંબંધિત બધીજ તકલીફોમાં થી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો છું અને આટલા વર્ષો પછી પણ સંપૂર્ણ સ્વસ્થ છું. આભાર ટેબ ક્લિનીક્સનો."
દર્દી ની સહી-

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ રેખાબેન રાઠોડ
ઉંમર- ૬૨ વર્ષ, વ્યવસાય - ગૃહિણી , સરનામું - ૩૨૫, માન સરોવર સોસાયટી, તળાવપાસે, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦
"છેલ્લા દોઢ-બે વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે ખુબ જ દુઃખાવાને કારણે જમીન પર, ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. થોડું પણ ચાલી શકતી ન હતી કે સીડી ચડી-ઉતરી શકતી ન હતી. આ બધી તકલીફોના કારણે મારા સ્વાસ્થ્ય પર પણ માઠી અસર થવા લાગી હતી. ટેબ વિશે છાપામાં વાંચીને મેં ત્યાંની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફો ઓછી થવા લાગી. નિયમિત અને વ્યવસ્થિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે હું જમીન પર આરામથી બેસી શકું છું, ઉભડક પગે તેમજ પલાંઠી વાળીને પણ બેસી શકુ છું. ચાલવા તથા ઊભા હરીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. ટેબ ક્લિનીકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."
દર્દી ની સહી

૧) ઘુંટણો અને અન્ય સાંધાઓના હઠીલા દર્દો (ઓસ્ટીઓ આર્થરાઈટીસ). ૨) કોમળ હાડકાં (ગાદી) ની ઈજાઓ સંબંધિતના હઠીલા દર્દો. (કાર્ટીલેજ ડેમેજ) ૩) લોહીની સંબંધિત ખરાબીઓથી થતાં સાંધાના હઠીલા દર્દો (રૂમેટોઈડ / રૂમેટીક આર્થરાઈટીસ). ૪) ગરદન, કમર અને પીઠ ના મણકાનાં હઠીલા દર્દો (સર્વાઈકલ / લંબર સ્પોન્ડીલાઈટીસ). ૫) ખભાના સાંધા સંબંધિતના હઠીલા દર્દો (ફ્રોઝન શોલ્ડર). ૬) થાપા ના સાંધાના હઠીલા દર્દો / સુજન / અક્કડપણુ (હીપ જોઈન્ટ નેકોસીસ). ૭) લંબર કેનાલ સ્ટેનોસીસ / એન્ક્રીલોઝીંગ સ્પોન્ડીલાઈટીસ. ૮) અનેક સાંધા / સ્નાયુઓની ડિફોરમીટીસ અને જકડાપણ સંબંધિત દર્દો. ૯) લીગામેન્ટ ડેમેજ તથા ટેનીસ એલ્બો સંબંધિતના દર્દો. ૧૦) સાંધાની સ્નાયુ પેશીને થયેલી ઈજાઓ સંબંધિતના દર્દો. ૧૧) સંબંધિત લોહી/સ્નાયુના વિકારો જેવા કે પોઝીટીવ આર.એ. ફેક્ટર, સી.આર.પી., એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એન.એ.સી.) વગેરે. ૧૨) ગઠીયા વાટ (ગાઉટ-સીરમ યુરીક એસીડ સંબધિત દર્દ /જલન અને જકડાન)

મહત્વની માહિતીઓ
- ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્ભુત મિશ્રણ છે.
- ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
- ટેબ ક્લિનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતુ પોતાની જ ગ્રુપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપુર્ણ ઉપચાર કરે છે.
- ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
- શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક દુખદબાવ અને વેદનાશામક અને બીજી કોઈપણ હાનિકારક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે. ટેબના કોઈપણ બે પેશન્ટો વચ્ચે પરિણામોની મુદતમાં ફરક હોઈ શકે.